# મેહેરબાબાનો વિશ્વસંદેશ

"હું શીખવવા નહીં પણ જગાડવા આવ્યો છું. તેથી સમજો કે હું કાંઈ પણ શિખામણો સ્થાપિત કરતો નથી. સનાતન કાળથી મેં સિદ્ધાંતો અને શિખામણો સ્થાપિત કર્યા છે. પરંતુ માનવ જાતે તે ગણકાર્યા નથી. ઈશ્વરના શબ્દો પ્રમાણે જીવવાની માનવીની અશકયતા અવતારના ઉપદેશને મજાકરૂપ બનાવે છે. તેણે આપેલા દયાના ઉપદેશનો અમલ કરવાને બદલે માનવજાતે તેને નામે ધર્મયુદ્ધો ખેલ્યાં છે. તેનાં શબ્દોમાં સમાયેલી નમ્રતા, પવિત્રતા અને સત્ય પ્રમાણે જીવવાને બદલે માનવજાતે ધિક્કાર, લોભ અને ઘાતકીપણું અખત્યાર કર્યું છે.

ભૂતકાળમાં ઈશ્વરે સ્થાપિત કરેલા સિદ્ધાંતો અને શિખામણો તરફ માનવજાતે બહેરા કાન કર્યા હોવાથી આ હાલના અવતારીક રૂપમાં મેં મૌન અખત્યાર કર્યું છે. તમે ઉપદેશો માંગ્યા છે અને તે તમને પુરતા પ્રમાણમાં આપવામાં આવ્યા છે. તેઓને અમલમાં મુકવાનો હવે વખત આવ્યો છે. ઈશ્વરની વધુ અને વધુ નજીક આવવાને માટે તમારે "હું" "મેં" "મને" અને "મારૂં" એનાથી વધુ અને વધુ દૂર જવું જોઈએ. કેવળ તમારી જાત સિવાય તમારે કશાનો પણ ત્યાગ કરવાનો નથી. જો કે તે લગભગ અશકય માલૂમ પડે છે, છતાં પણ તે આટલું બધું સરળ છે. મારી કૃપાથી તમારી મર્યાદિત જાતનો ત્યાગ કરવાનું તમારે માટે શકય છે. હું તે કૃપા વરસાવવા આવ્યો છું.

હું ફરીથી કહું છું કે હું શિખામણો સ્થાપિત કરવા આવ્યો નથી. હું જે સત્ય આપવાને આવ્યો છું તેની જ્યારે હું ભરતી વહેવડાવીશ ત્યારે માણસનું રોજિંદુ જીવન જીવંત ઉપદેશ થઈ પડશે. જે શબ્દો મેં ઉચ્ચાર્યા નથી તે તેઓના જીવનમાં જીવંત બનશે.

માનવીની પોતાની અજ્ઞાનતાના પડદા વડે હું મારી જાતને છુપાવું છું અને મારી દિવ્યતા થોડાઓને પ્રગટ કરૂં છું. મારૂં હાલનું અવતારિક સ્વરૂપ આ યુગનું છેલ્લું અવતારિક સ્વરૂપ છે. તેથી મારૂં પ્રગટ થવું સૌથી મહાન રહેશે. જ્યારે હું મારૂં મૌન તોડીશ ત્યારે મારા પ્રેમનો તરંગ વિશ્વવ્યાપી બનશે અને ઉત્પત્તિના બધા જીવો તે પિછાણશે, અનુભવશે અને પ્રાપ્ત કરશે. દરેક વ્યકિતને પોતાની રીતે તેના બંધનમાંથી મુકત થવામાં તે મદદ કરશે. હું તે દિવ્ય પ્રિયતમ છું કે જે તમને તમે તમારી પોતાની જાતને કદી પણ ચાહી શકો તેનાથી વધુ ચાહે છે. મારા મૌનનું તોડવું તમારા સાચા સ્વરૂપને પિછાણવામાં સહાય કરશે.

જગતની તમામ ગુંચવણો અને ઉત્પાત ટાળી ન શકાય તેવાં હતાં અને તેને માટે કોઈ પણ ઠપકા પાત્ર નથી. જે બનવા કાળ હતું તે બન્યું છે અને જે બનવા કાળ છે તે બનશેજ. તેમાંથી બહાર નાકળવાને માટે તમારી વચ્ચે મારા આવવા સિવાય બીજો કોઈ રસ્તો હતો નહીં અને છે નહિ. મારે આવવાનું જ હતું અને હું આવ્યો છું. હું તેજ પુરાતન પુરૂષ છું.